**વડીલોને વંદન અભિનંદન**



રામાભાઈ બી. પટેલ
(૧૯૪૫) મો. ૯૪૨૮૦૪૭૫૮૨



હરકાન્તભાઈ ઝાટકીયા
(૧૯૪૭)

# મધરાતે ટાટા ચોકડી પાસે તસ્કર ટોળકીનો સપાટો

## પાંચ ગલ્લાઓના તાળા તુટયા : સિગારેટ-ગુટખાના પેકેટસ ઉપરાંત રોકડની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના ટાટા ચોકડી થી ઓળખાતા વિસ્તાર ક-૬ સર્કલ પાસે ગઈ રાત્રિ દરમિયાન તસ્કર ટોળકીએ આતંક મચાવી મુકયો હતો. એક રાતમાં પાંચ પાંચ ગલ્લાઓના તાળા તોડી તેમાંથી જે હાથમાં આવ્યું તે થેલામાં ભરીને ટોળકી ભાગી ગઈ હતી. આ બનાવ અંગે ગલ્લાધારકોએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

એક તરફ પાટનગરમાં પોલીસનું સઘન નાઈટ પેટ્રોલીંગ અને રાત્રી દરમિયાન એન્ટ્રી પોઈન્ટ પર ચેકીંગ રાખવામાં આવે છે તો બીજી તરફ તસ્કરો પોલીસના કહેવાતા પેટ્રોલીંગને જડબાતોડ જવાબ આપી રહ્યા છે. ગત રાત્રી દરમિયાન તસ્કરોએ રસ્તા પર ક-૬ સર્કલને અડોઅડ ઉભા રહેલા ગલ્લાઓને નિશાન બનાવીને બિન્દાસ્ત પણે ચોરી કરી હતી. આ વિસ્તારના પાંચ પાંચ ગલ્લાઓના તાળા તુટયા અને ગલ્લાઓમાંથી તમાકુ-ગુટખાના પેકેટસ તથા સિગારેટસ અને રોકડની ઉઠાંતરી કરી ત્યાં સુધી પેટ્રોલીંગ કરતી પોલીસના રૂટમાં આ જગ્યા જ ન આવી? કે નાઈટ પેટ્રોલીંગમાં કેટલાક આળશુ પોલીસ ખોટા લોકેશન આપીને એક જગ્યાએ ગાડી પાર્ક કરી ઘસઘસાટ ઊંઘ તાણી લે છે...? પાંચ ગલ્લાઓમાંથી કોઈ મોટી રકમની કે મુદ્દામાલની ચોરી થઈ ન હોવાથી ગલ્લાધારકોએ પોલીસ ફરિયાદ આપી ન હોવાનું જાણવા મળ્યું છે.

# ડીસામાં ઓવરબ્રિજ માટે ભાજપી કાર્યકરોએ નાયબ કલેકટરને આપ્યું આવેદન પત્ર

ડીસા, તા. ૮

બનાસકાંઠાના મુખ્ય વિકસિત સીટી તરીકે ખ્યાતનામ ડીસાનો હાઈવે વાહનોના તોતિંગ ટાયરો વચ્ચે અનેકો ચકડાઈ કરૂણતાએ મોતને ભેટેલ છે ત્યારે શહેરના એક છેડેથી બીજા છેડા અંદાજ મુજબ છેલ્લા ૧૨ માસમાં અહીં નાનામોટા અકસ્માતોમાં ૧૫ થી વધુ નિર્દોષ નાગરિકોએ જીવ

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



ગુમાવ્યા છે. તો વળી, અહીંના ગાયત્રી મંદિર પાસે ડોકટર હાઉસ હોઈ રાજસ્થાન સહીતનાં પ્રદેશોમાંથી દર્દીઓનો ભારે ઘસારો થતા મોટી ટ્રાફિક સમસ્યા સર્જાય છે જેનો એક માત્ર ઉકેલ 'ડીસા માર્કેટ યાર્ડથી ગાયત્રી મંદિર' સુધીનો ઓવરબ્રિજ હોઈ આડે ડીસા શહેર અને તાલુકા ભાજપે કેન્દ્ર સરકાર તાત્કાલિક ઢોરને આ ઓવરબ્રિજ બનાવે તેવી માંગ કરી હતી અને રસ્તો રોકી સૂત્રોચ્ચાર કરી ગાયત્રી મંદિરથી નાયબ કલેકટર, ડીસા કચેરી સુધી રેલી કાઢી હતી અને નાયબ કલેકટર દિગંત બ્રહ્મભટ્ટને આવેદન પત્ર આપ્યું હતું.

વિસ્તાર 'એકસીડેન્ટ ઝોન' સમાન બનતા અહીંથી પસાર થતા ભારે સુધી ઓવરબ્રિજની માંગ કરી આજે ભાજપી કાર્યકરોએ નાયબ કલેક્ટર ડીસાને આવેદન પત્ર આપ્યું હતું.

ડીસાનો નેશનલ હાઈવે નંબર-૧૪ છેલ્લા ઘણા સમયથી નિર્દોષ રાહદારીઓ મોત યમદૂત બની રહ્યો છે. આ વિસ્તારમાંથી શહેરમાં પ્રવેશવાનાં ચાર મુખ્ય પ્રવેશ દ્વારો આવેલા છે. સમગ્ર શહેરની મુખ્ય આવન-જાવનના આ ચારેય માર્ગો ભારે ભીડ ભર્યા અને રાહદારીયોથી ભરચક રહેતા હોઈ તેમજ આ હાઈવે વિસ્તાર પરથી સતત ભારે વાહનો પણ પસાર થતા હોઈ અહીં છાશવારે ગમખ્વાર અકસ્માતો સર્જાય છે. એક

## ગુજરાતના ખ્યાતનામ કવિઓ શહેરમાં પધારશે : સંમેલન યોજાશે

અખિલ ગુજરાત ચારણ-ગઢવી સમાજ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ચારણ-ગઢવી સમાજના ખ્યાતનામ કવિઓનું સંમેલન તા. ૧૨ જાન્યુઆરી રવિવારે સવારે ૯.૦૦ કલાકે યોજવામાં આવશે.

કડી સર્વવિશ્વ વિદ્યાલય સેકટર-૨ ઉના બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાનાર કવિ સંમેલન કવિશ્રી દાદના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે. સંમેલનમાં પ્રવીણ ગઢવી (આઈએએસ), જીતુદાન ગઢવી, દાન અલગારી, ઘનશ્યામ કવિ, ગોવિંદ ગઢવી, મિલીંગ ગઢવી, દિનેશ માવલ, ઈસુભાઈ ગઢવી, ભરત કવિ, બાબુદાન ગઢવી, ચંડીદાન ગઢવી, મહેન્દ્ર ગઢવી અને હિતેશ લાંબા પોતાની કવિતાઓ દ્વારા સુગંધ ફેલાવશે. સંમેલનમાં શહેરના ગઢવી, સાહિત્ય સભા અને કવિતા પ્રેમીઓને ઉપસ્થિત રહેવા સમરદાન ઝુલા અને ભરત કવિએ જણાવ્યું છે.

# ગુરુ બ્રાહ્મણ સમાજ રજત જયંતિ મહોત્સવ પ્રસંગે વ્યકિત વિશેષોનું સન્માન કરશે

ગાંધીનગર, તા.૮

ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજ દ્વારા આગામી ફેબ્રુઆરી માસમાં રજત જયંતિ મહોત્સવ ઉજવવામાં આવશે. જેમાં સમાજમાં વિવિધ ક્ષેત્રે પ્રસિધ્ધિ મેળવેલ વ્યકિત વિશેષોનું સન્માન કરવામાં આવશે.

ગુરુ બ્રાહ્મણ સમાજના સ્વાતંત્ર્ય સેનાનીઓ, કલાક્ષેત્રના કલાકારો, રાજકીય કારકિર્દી ધરાવનાર અગ્રણીઓ, સંતો, મહંતો, ગાદીપતિઓ, નિવૃત્ત વર્ગ-૧, ૨ના અધિકારીઓ સહિત અગ્રણીએ પોતાની સંપૂર્ણ માહિતી સહિતની વિગતો સાદા કાગળ પર લખી દુષ્યંતકુમાર શ્રીમાળી, પ્લોટ નં. ૬૦/૨, સેકટર-૩-ન્યુ, સુખાનંદભાઈ શ્રીમાળી પ્લોટ નં. ૯૫૧/૧, સે-૨-સી તેમજ ચીમનભાઈ રાજગોર, બ્લોક નં. ૭૫૩/૩ પાઠયપુસ્તક કોલોની સે-૨૪ ખાતે તા. ૧૩ જાન્યુઆરી સુધી જમા કરાવવાના રહેશે. આ સાથે પ્રકાશિત થનાર સોવેનિયરમાં જાહેરાત આપવા સંસ્થાના પ્રમુખનો સંપર્ક કરવો તેમ સુખાનંદ શ્રીમાળીએ જણાવ્યું છે.

## પૂ. ઈન્દીરાબેટીજીના અમૃત મહોત્સવ વર્ષની ઉજવણી સંદર્ભે ગાંધીનગર વૈષ્ણવ સમાજની મીટીંગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને વલ્લભ મેમોરીયલ ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ઈન્દીરાબેટીજીનો અમૃત મહોત્સવ વર્ષની ઉજવણીના શુભ અવસરે તા. ૨૩મી ફેબ્રુઆરીએ કૃતજ્ઞતા પર્વનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત આ દિવસે શ્રી ગોવર્ધનનાથજીના પાટોત્સવનું પણ આયોજન કરાયું હોઈ સમગ્ર કાર્યક્રમના આયોજનની ચર્ચા વિચારણા માટે તા. ૧૧મી જાન્યુઆરીએ હવેલી મંદિર ખાતે બપોરે ૪.૦૦ કલાકે મીટીંગ યોજવામાં આવેલ છે. આ મીટીંગમાં હાજર રહેવા દરેક સર્વે વૈષ્ણવોને અનુરોધ કરાયો છે.

## સમસ્ત ખડાયતા સમાજ દ્વારા 'ઉંધીયા ઉજવણી'નું આયોજન : તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સમસ્ત ખડાયતા સમાજ દ્વારા તા. ૨જી ફેબ્રુઆરીએ સે. ૧૨ના આંબેડકર હોલ ખાતે 'ઉંધીયા ઉજાણી'ના કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરવામાં આવનાર હોઈ સભ્યોને તેમના પાલ્યની શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ની માર્કશીટો તા. ૨૦મી જાન્યુઆરી સુધી પહોંચાડી દેવા તાકીદ કરવામાં આવી છે. 'ઉંધીયા ઉજાણી' માટેના પાસ પણ સભ્યોએ તા. ૨૩મી જાન્યુઆરી સુધીમાં મેળવી લેવાના રહેશે તેવું સમાજની અખબારી યાદીમાં જણાવાયું છે.

**કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા**

# પોલીએટીવ કેર યુનિટના ત્રણ વર્ષ પુરા થયાની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૮

કેન્સર જેવા અસાધ્ય રોગગ્રસ્ત દર્દીઓને આપવામાં આવતી ખાસ તબીબી સારવાર 'પોલીએટીવ કેર' એ દર્દીને શારીરિક, માનસિક અને ભાવનાકીય તકલીફોમાંથી રાહત આપે છે. ગુજરાત કેન્સર એન્ડ રીસર્સ ઈન્સ્ટીટ્યુટમાં આ સારવાર માટે અલગ વિભાગ



'પેઈન એન્ડ પોલીએટીવ કેર યુનિટ'ના નામથી બનાવાયેલ છે. આ યુનિટના ત્રણ વર્ષ પુરા થયાની ઉજવણી તા. ૪થી જાન્યુઆરીએ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કેન્સર ઈન્સ્ટીટ્યુટના ભૂતપૂર્વ ડાયરેક્ટર ડૉ. પંકજ શાહ, ગુજરાત કેન્સર સોસાયટીના જનરલ સેક્રેટરી ડૉ. પ્રશાંત કિનારીવાલા અને જી.સી.આર.આઈ.ના ઈન્ચાર્જ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસ દ્વારા છેલ્લા ત્રણ વર્ષના સંસ્થાકીય અહેવાલ રજૂ કરાયા હતા. આ અહેવાલમાં દર્દીઓને આપવામાં આવતી સેવાઓ, તાલીમ, સંશોધન અને વિભિન્ન અભ્યાસની જાણકારી રજૂ કરવામાં આવી હતી. આ અહેવાલ દ્વારા ભવિષ્યના પ્લાનીંગ અંગે અને બીજા શહેરોમાં પણ 'પોલીએટીવ કેર યુનિટ' ચાલુ કરવા અંગેની પહેલની માહિતી અપાઈ હતી.

આ કાર્યક્રમમાં પોલીએટીવ કેર યુનિટના સમર્પિત સ્ટાફ ડૉ. ગીતા જોશી, ડૉ. ભાવના શાહ, ડૉ. પ્રિતી સંઘવી, ડૉ. દીપીકા પટેલ, ડૉ. ઈલાબેન, ડૉ. કલ્પેશ મેકવાન, ડૉ. રૂચીતા ત્રિવેદી, નટવર દાયમા, મીત્તલકુમારી, રૂચી રામાણી, બીન્દીયા ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં એક અલગ જ વિભાગ 'પેઈન એન્ડ પોલીએટીવ કેર' યુનિટ ચલાવવામાં આવે છે. આ યુનિટ દ્વારા દર્દીને વધુ ને વધુ જાણકારી મળી રહે, સ્ટાફને યોગ્ય તાલીમ મળે અને નવા સંશોધનો થાય તે હેતુથી તેમજ ઘર જેવી સેવા અને જાણકારી સમાજને મળે એવા ઉદેશ સાથે કાર્ય કરાય છે. આ પ્રોજેક્ટના સહભાગી 'જીવદયા ફાઉન્ડેશન' દ્વારા આ સર્વિસનો હેતુ કેન્સરના દર્દીઓને અગાઉ અને પછીની સારવાર યોગ્ય રીતે મળતી રહે તે અંગેનો છે.

# દાંતીવાડા તાલુકામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી સંસાધન કીટનું વિતરણ કરાયું

દાંતીવાડા, તા. ૮

દાંતીવાડા તાલુકા પંચાયત ખાતે આજરોજ તાલુકાની સીટીના વિસ્તારકો તેમજ તાલુકાના સરપંચોની બેઠક મળી. આજથી ત્રણ દિવસ તાલુકામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી કાર્યક્રમમાં બાવન જણની ટીમ કામ આવી હતી. કાચની શીશીમાં એક મુઠી જેટલી માટી, કાપડના ટુકડામાં સરપંચ તેમજ સભ્યોના નામ અને સહી અને બોક્ષમાં અંદાજીત ૫૦૦ ગ્રામ જેટલો લોખંડનો ટુકડો આમ આ વસ્તુઓ એકત્રિત કરી બોક્ષ તાલુકા પંચાયતમાં ૧૦ તારીખે ૩ વાગ્યાના સમયે શક્તિ

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)



કેન્દ્રોના પ્રમુખ પ્રભારીઓએ જમા કરવાનું રહેશે. તાલુકાની ૧૫ સીટોમાં દિનેશભાઈ મેવાડા, હરજીભાઈનભાઈ ભુતડીયા, બાબુભાઈ મોદી, નટુભાઈ ચૌધરી, ઈશ્વરસિંહ સોલંકી, મહેન્દ્રભાઈ ત્રિવેદી, ઈશ્વરભાઈ ટાયાણી ૭ જણ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવશે અને જી. પંચાયત સદસ્ય દવે દિનેશભાઈ, જી. સંસ્કૃતિ સેલ ભરતદાન ગઢવી, જી.ક. સદસ્ય શાહ ગણેશમલ, પ્રદેશ મંત્રી યુવા મોરચો માણી પ્રવીણભાઈ, જી.લીગલ, સેલ ગાંધી વિજયભાઈ, જી. સહકન્વિનર, ન,પ, સેલ મોઢ વાસુભાઈ, જી.કારોબારી, સદસ્ય મળી મગનલાલ, જી.અધ્યક્ષ અનુ. જાતી, મોરચો રાઠોડ એન.ટી. જી, કારોબારી સદસ્ય દેસાઈ નાગજીભાઈ, પૂર્વ પ્રમુખ બ.કા. દવે મહેશભાઈ, પ્રમુખ યુવા મોરચો દવે અમૃતભાઈ, પ્રદેશ બક્ષી મોરચો અનાવાડીયા દિનેશભાઈ, જી. ચૂંટણી વ્યવસ્થા સેલ બ્રહ્મભટ્ટ સંજયભાઈ, જી. સહ સંસ્કૃતિ સેલ શાહ અતુલભાઈ, જી. કારોબારી સદસ્ય દવે મણીલાલ ૧૫ જણ વિસ્તારક તરીકે ફરજ બજાવશે, બેઠક દરમિયાન ઈન્ચાર્જ, વિસ્તારકો, શક્તિ કેન્દ્રોના પ્રમુખ પ્રભારીઓ, હોદેદારો, કાર્યકરો અને સરપંચો હાજર રહ્યા હતા, આમ તારીખ ૮ થી ૧૦ તારીખ સુધીના ત્રણ દિવસ દરમિયાનના સમયગાળામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી કાર્યક્રમમાં બાવન જણની ટીમ ગામે ગામ જઈ કાર્યરત રહેશે. અને સરદાર પટેલનું સ્ટેચ્યુ બનાવવા જન ભાગીદારી કાર્ય કરશે.

કરશે. બેઠકના કાર્યક્રમ બાદ આવનાર દરેક જવાબદારોને કીટનું વિતરણ કરાયું હતું.

મળતી માહિતી મુજબ ભારતીય જનતા પાર્ટીના સ્ટેચ્યુ ઓફ યુનિટી કાર્યક્રમ સંદર્ભે આજરોજ ૧૦ વાગ્યાના સમયે જિલ્લાના ઈન્ચાર્જ માધુભાઈ રાણાની હાજરીમાં તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ મોદી અને તાલુકાના ઈન્ચાર્જ હરજીવનભાઈ ભુતડીયાના અધ્યક્ષ સ્થાને તાલુકા પંચાયત ખાતે બેઠક મળી હતી, બેઠકની મુખ્ય કામગીરી દરેક ગામ દીઠ એક બોક્ષ, કાચની સીસી, કાપડનો ટુકડાની સંસાધન કીટ ફાળવવામાં

# અરવલ્લી જિલ્લાની વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

મોડાસા, તા. ૮

સમગ્ર અરવલ્લી જિલ્લામાં ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા એમ.કે. શાહ લાટીવાલા ડી.એડ. કોલેજ મોડાસામાં પ્રજાસત્તાક દિન નિમિત્તે કલેક્ટરશ્રીના આદેશથી જિલ્લાકક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ગીત સ્પર્ધાનું પીટીસી કોલેજ ખાતે આયોજન કરવામાં આવ્યું. જિલ્લાકક્ષાની આ સ્પર્ધામાં માલપુર, મેઘરજ, મોડાસા, બાયડ, ધનસુરા, ભીલોડા વગેરે કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એ.બી. પ્રજાપતિ, નિલેશ જોષી જીવદવા પ્રેમી, હસમુખભાઈ પટેલ પ્રમુખ રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘ, પરેશભાઈ પટેલ પ્રાથમિક શિક્ષણ સંઘ, ઈશ્વરભાઈ પટેલ કેળવણી નિરીક્ષીક વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું અને વક્તૃત્વ કળાનું મહત્વ સમજાવ્યું હતું. જીવનમાં કોઈપણ ક્ષેત્ર પસંદ કરો, વક્તૃત્વ કળા જેને હસ્તગત હશે તે જ સફળ થશે. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છ અને પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

મંચસ્થ મહાનુભાવોએ આશીર્વચન પાઠવ્યા હતા. જીવનમાં સફળતા મેળવવા માટે વક્તૃત્વ, લેખન અને ગીત જરૂરી છે એમ જીવદયા પ્રેમી નિલેશ જોષીએ સ્પર્ધકોને શીખ આપી હતી. સમાપન સમારોહમાં અરવલ્લી જિલ્લાના નાયબ કલેકટર અને જિલ્લા પુરવઠા અધિકારી એસ.બી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિજેતા સ્પર્ધકોને ઉન્નત જીવનની શીખ આપી હતી. મંડળના પ્રમુખ ડૉ. અરૂણભાઈ શાહ અને પ્રો. અરવિંદભાઈ મોદીએ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વ્રજેશ પંડ્યાએ કર્યું હતું. કાર્યક્રમની સફળતા માટે તાલીમાર્થી બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### કેસ નોંધાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૧૨માં અપહરણના ૨૯ બનાવો બન્યા હતા. જ્યારે વર્ષ ૨૦૧૩માં વધીને ૭૧ પર આંકડો પહોંચી ગયો છે. બે વર્ષમાં અપહરણના ૧૦૦ બનાવો ગાંધીનગર જિલ્લામાં નોંધાતા ચિંતાનો વિષય બન્યો છે તે ઉપરાંત ૨૦૧૨માં ૨૦ બળાત્કારના ગુનાઓ બન્યા હતા. જ્યારે ૨૦૧૩માં વધીને બળાત્કારના ૨૨ ગુનાઓ નોંધાવા પામ્યા છે. બે વર્ષમાં ૪૨ બળાત્કાર ગાંધીનગર જિલ્લામાં થયા છે. અપહરણ અને બળાત્કારના ગુનાઓની સાથોસાથ સરકારી નોકરો પર હૂમલાના ગુનાઓમાં પણ બમણા થઈ ગયા છે. ૨૦૧૨માં ૬ સરકારી નોકરો પર હૂમલા થયા હતા જે વધીને ૨૦૧૩માં ૧૨ સરકારી નોકરો પર હૂમલા થવા પામ્યા છે.

### એજન્સી સામે પગલાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુણાત્મક પરિવર્તન માટે આગ્રહ કર્યો હતો. તેમણે જિલ્લામાં કુટુંબ કલ્યાણ યોજનાના અસરકારક અમલીકરણ વિશે પણ કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજના અંતર્ગત જે દાવાઓ પડતર છે તેના ઝડપી નિકાલ માટે પણ જરૂરી પગલાં લેવા જણાવ્યુ હતું. તેમણે કેટલીક હોસ્પિટલોમાં કાર્ડ માટેના મશીનો કાર્યરત નહિ હોવા અંગે પણ ચર્ચા કરી ઝડપી ઉકેલાત્મક કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

### એજન્સીને કામ સોંપાયું...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદાજિત રૂ.૩ કરોડનો વેરો વસુલવા ફેબ્રુઆરી મહિનામાં બીલની વહેંચણી શરુ કરી દેવાશે. જૂના સેકટરોમાં જ પાણી ગટર વેરા ક્ષેત્રે ૧.૨૦ કરોડનું માંગણું છે. તંત્રએ થોડા સમય અગાઉ જૂના બાકીદારો પાસેથી ૧૦ લાખની રીકવરી કરી છે. જેમાં જીઆઈડીસી વિસ્તારમાં લાંબા સમયથી વેરો ન ભરપાઈ કરતા ગ્રાહકોનો પણ સમાવેશ થાય છે. બીલ વહેચણીના અંતે માર્ચ મહીનામાં વેરા વસુલાત ઝુંબેશને કડક બનાવાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

### પાણીનો પ્રોજેક્ટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. ટી.પી. સ્કીમ નં. ૬ (કુડાસણ) ખાતે ૨૪ કલાક પદ્ધતિથી પાણી પુરવઠો ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય બોર્ડ દ્વારા લેવામાં આવ્યો હતો. પાયલોટ પ્રોજેક્ટ તરીકે કુડાસણમાં ૨૪ કલાક પાણીની સુવિધા પુરી પાડવામાં આવશે ત્યારબાદ તબક્કાવાર વાવોલ, રાયસણ સહિતના ગુડા વિસ્તારોને આ સુવિધા અંતર્ગત આવરી લેવામાં આવશે. આ બેઠકમાં ગુડાના અધ્યક્ષ અશોકભાઈ ભાવસાર, જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, મ્યુનિસિપલ કમિશ્નર, અધિક કલેક્ટર, શહેરી વિકાસ વિભાગ તથા નાણા વિભાગના નાયબ સચિવ અને મુખ્ય નગર નિયોજકની કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઓચિંતા મુલાકાત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. અદ્યતન-આરટીઓ કચેરીઓ હાલ પ્રથમ ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક કાર્યરત છે. જ્યારે હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ઈસ્યુ કરવાનું પણ પ્રથમ આર.ટી.ઓ. કચેરી કક્ષાએથી શરૂ કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં આર.ટી.ઓ. કચેરીની કામગીરી વધુ ઝડપી અને ટેકનોલોજીથી સજ્જ કરવા પ્રયાસો શરૂ કરી દેવાયા છે.


**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

## શબ્દાવલી - ૫૨૮૨



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. જડ જેવું (૫) | ૧. ઔષધી, ચમત્કારીક મૂળ (૪) |
| ૩. દર્પણ, આયનો (૨) | ૨. હાથમાં ચક્ર ધારણ કરનાર વિષ્ણુ (૫) |
| ૫. સોનું, હેમ (૩) | ૩. બહુ પગવાળુ એક જીવડું (૫) |
| ૬. ચોરીછુપીથી દારૂની હેરાફેરી કરનાર (૫) | ૪. ચોસલા, મીઠાઇના ટૂકડા (૩) |
| ૯. ભૂલ, કસૂર (૨) | ૭. કિનાર, સાડી પર લગાવાતી શોભા માટેની પટ્ટી (૨) |
| ૧૦. સીધું, લીસું (૩) | ૮. સ્મરણ, રટણ (૨) |
| ૧૧. કેમ?! અથવા તો (૧) | ૧૨. અરજી, ફરિયાદ (૪) |
| ૧૨. તંદુરસ્તી (૩) | ૧૩. મરે નહિ તેવું (૩) |
| ૧૫. આગળ પર, પછી (૨) | ૧૪. મોજ, ટીખળ (૩) |
| ૧૬. સમારકામ, સુધારવું તે (૪) | ૧૭. રજકણ, ધૂળ-માટી (૨) |
| ૧૮. પથ્થરની લાંબી ચાટ (૩) | ૧૯. હનુમાનજીનું શસ્ત્ર (૨) |
| ૨૧. ચાંદીનું, રૂપાનું (૩) | ૨૦. વિદ્યાશાખાના અધ્યક્ષ |
| ૨૨. પાનની ડબ્બી (૪) | |

### શબ્દાવલી ૫૨૮૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) વસંત (૩) પાનખર (૬) ખત (૭) સાયરન (૮) ધવલ (૯) કાન (૧૧) બજાજ (૧૨) સૌરભ (૧૩) ભાળ (૧૪) આભા (૧૫) નવાબ (૧૭) યોગ્યતા (૧૮) ખોળ (૧૯) જવ (૨૦) ચા (૨૧) દરદ (૨૨) નતીજો

**ઊભી ચાવી :-** (૧) વખત (૨) સંત (૩) પાયલ (૪) નર (૫) ખનકાર (૭) સાવજ (૮) ધજા (૧૦) નભ (૧૧) બળવાખોર (૧૨) સૌભાગ્યવતી (૧૩) ભાન (૧૪) આયોજન (૧૬) બળદ

## કંપની સમાચાર

### આ શિયાળામાં હેડ એન્ડ શોલ્ડર્સની નરમ અને રેશમી વાળ સંભાળની નવી પદ્ધતિ સાથે માથું ઊંચું રાખીને બહાર નીકળો

શું તમે સૂકી, પડવાળી સ્કાલ્પ સાથે સૂકા, ભૂખરા વાળથી ચિંતિત છો? તો વર્ષના કોઈપણ સમયે સુંદર વાળ અને આરોગ્યવર્ધક સ્કાલ્પ કઈ રીતે રાખવા તે વિશે હેડ એન્ડ શોલ્ડર્સના નિષ્ણાતો તમને ટિપ્સ આપે છે. વાળ એ પર્યાવરણીય ફેરફારોને અત્યંત સંવેદનશીલ હોય છે. અને વર્ષના કોઈપણ અન્ય સમય કરતાં વધુ તીવ્ર સ્થિતિઓની વ્યાપક શ્રેણીને સન્મુખ થતા હોય છે. તેમાંય શિયાળો તમારી સ્કાલ્પ અને વાળ સહિત ત્વચાની પણ વધારની સંભાળ માગી લે છે. ત્વચામાં નમી લાવવું તે મહત્વપૂર્ણ હોય છે. ખાસ કરીને શિયાળાની મોસમમાં ત્વચા નરમ અને ચમકીલી રાખવા માટે તેમાં નમી મહત્વપૂર્ણ હોય છે. શિયાળામાં તમે ઊનાં કપડાંથી તમારા શરીરને ઢાંકો છે અને ત્વચાની વધારાના મોઈશ્ચરાઈઝરથી સુરક્ષા કરો છો તે રીતે જ વાળ પણ વધારાની સંભાળ માગી લે છે. બોલીવૂડની દિવા અને એચ એન્ડ એસની ઉપભોક્તા અને ગત ૫ વર્ષથી તેમાં માનતી કરીના કહે છે, શિયાળામાં સૂકા હવામાનને લીધે થોડા પ્રમાણમાં ડેન્ડ્રફ લાગુ થાય છે. માટે સ્કાલ્પને વધારાનું મોઈશ્ચરાઈઝેશન અને સંભાળની જરૂર હોય છે. આથી હું સપ્તાહમાં બે વાર કંડિશનરની પદ્ધતિનું પાલન કરું છું.

### ઓડી RS 7 સ્પોર્ટબેકની ભારતમાં રજૂઆત

જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપની ઓડીએ ભારતમાં ઓડી RS 7સ્પોર્ટસબેકની રજૂઆત કરે છે. ઓડી RS 7 સ્પોર્ટબેકમાં મોટા પાંચ દરવાજાનો કૂપે છે. ભારતમાં તેની કિંમત રૂા. ૧,૨૮,૫૬,૦૦૦ (એકસ શો રૂમ-મુંબઈ) છે. ઓડી ઈન્ડિયાનાં વડા શ્રી જો કિંગ દ્વારા તેને ઔપચારિક રીતે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. ઓડી RS 7 સ્પોર્ટબેક ઘણી લાક્ષણિકતાઓ ધરાવે છે. માત્ર ૩.૯ સેડન્ડસમાં જ છે તે ૧૦૦ કિ.મી./કલાકની ગતિ પકડી શકે છે. આ મોડલને 4.0 TFSI બાયટર્બો V8 3933cc એન્જિનની શક્તિ મેળવી છે. આ મોડલની લાક્ષણિકતા એ પણ છે કે હાયબ્રીડ એલ્યુમિનિયમ ડિઝાઈનને કારણે હળવું વજન ધરાવે છે.

ઓડી ઈન્ડિયાનાં વડા શ્રી જો કિંગનાં જણાવ્યા અનુસાર, અમે આ વર્ષની શરૂઆત ઘણા સીમાચિહ્નો સાથે કરી છે. ઓડી RS 7 સ્પોર્ટબેકની ભારતમાં રજૂઆત કરતા અમને ઘણો જ આનંદ થાય છે. એક વર્ષમાં ૧૦,૦૦૦ જેટલી કારનું વેચાણ કરનારી ઓડી ભારતની પ્રથમ લકઝરી કાર ઉત્પાદક કંપની બની છે.